‘સ.મ.’ના સમ્પાદકમંડળ તરફથી

સ્વજનો સમા અમારા માનવંતા સૌ વાચકોને આગામી દીવાળીની અને

નુતન વર્ષની અઢળક શુભકામનાઓ..

# મુક્તકો

## ડૉ. રઈશ મનીઆર

**1.**

આપે છે દીલાસા અને રડવા નથી દેતા,
દુ:ખ મારું મને જીરવવા નથી દેતા;
આંસુઓ ટકાવે છે મને ભેજ બનીને,
એ જીવતા માણસને સળગવા નથી દેતા.

**2.**

આ ખાલી ખીસ્સાને ખંખેરતાં ઘણું નીકળ્યું,
સીલક સફરની અનુભવનું રોકડું નીકળ્યું;
મરી જવાનું થયું મન, એ ક્ષણ વીતાવી લીધી,
પછીની ક્ષણમાં ઘણું જીવવા સમું નીકળ્યું.

**3.**

ડુબવાના ભયથી બેપરવા ગયા,
શબ્દના ઉંડા કુવે તરવા ગયા;
કો’ ઉપરછલ્લી ગતી ફાવી નહીં,
જ્યાં ગયા ત્યાં સાવ સોંસરવા ગયા.

**4.**

ભલે અલ્પ તોયે વધારે લખ્યું છે,
લખ્યું તે બધું રક્તધારે લખ્યું છે;

લખાણે લખાણે પ્રહારો થયા છે,
અમે પણ પ્રહારે પ્રહારે લખ્યું છે.

**5.**

મંત્ર, કીર્તન અને નમાજ ગઝલ,
આપણે ત્યાં સવારસાંજ ગઝલ;
એય સાચું કે મારું દર્દ ગઝલ,
એય સાચું કે છે ઈલાજ ગઝલ.

**6.**

વેદનાઓ ધરાર લઈ આવો,
લોહીની આરપાર લઈ આવો;
એક દરીયો છે આપની અંદર,
એક ખોબો બહાર લઈ આવો.

**7.**

અજવાળું પણ થયું અને પીડા થતી રહી,
છાતીના એક ખુણે કવીતા થતી રહી;
સળગી રહેલા ઘરમાં હવાની અવરજવર,
શ્વાસોની રોજ અગ્નીપરીક્ષા થતી રહી.

**8.**

સાચો છું તોય હું મને સાબીત નહીં કરું,
હું સત્યને એ રીતથી લજ્જીત નહીં કરું;
રાખે જો વીશ્વને તું વીખરાયેલું, પ્રભુ!
જા, હુંય મારા ઘરને વ્યવસ્થીત નહીં કરું.

**9.**

સ્મરણોનો આ પડાવ ઉઠાવીને ક્યાં જશે?
સ્પર્શોના લીલા ઘાવ ઉઠાવીને ક્યાં જશે?
કાલે અહીં નદી હતી, આજે નથી ‘રઈશ’,
માથા ઉપર આ નાવ ઉઠાવીને ક્યાં જશે?

**10.**

સાવ પરપોટા જેવો આ અવતાર છે,
ને સમયની સપાટી અણીદાર છે;
જીન્દગી, જીન્દગી ! આપણાં બે મહીં,
કોણ છે અશ્વ ને કોણ અસવાર છે?

**11.**

તરવું કદી ન ફાવ્યું મને, તળ સુધી ગયો,
અમૃતની ઝંખનામાં હળાહળ સુધી ગયો;
મન્દીર કે મસ્જીદો સુધી અટકી ગયા સહુ,
જીજ્ઞાસાવશ જરાક હું આગળ સુધી ગયો.

**12.**

ન ભોમીયા, ન તો નક્શા લઈને રખડું છું,
લપેટી પગમાં, હું રસ્તા લઈને રખડું છું;
તલાશ છે મને મારી સળંગ હસ્તીની,
હું મારા અંશો અધુરા લઈને રખડું છું,

**13.**

રખડપટ્ટીને હું પ્રવાસો ગણું છું,
ને અડચણ નડે તો વીસામો ગણું છું;
દીવસભરની ઘટમાળ, જાણે મુકદ્દમો!
ને નીંદરને હું તો ચુકાદો ગણું છું.

**14.**

જ્યાં સ્નાન કરવા ઉતર્યો, બીલકુલ સુકી નદી છે,
એ લુપ્ત થઈ ચુકી છે, એ તો સરસ્વતી છે;
વસ્ત્રાહરણનું સાહસ, ને એકલો દુઃશાસન!
કંઈ કેટલાની એમાં નીઃશબ્દ સંમતી છે.

**15.**

ગમની ગહરાઈ ગઈ, ઉર્મીની ઉંચાઈ ગઈ,
બસ, ગઝલમાંથી મનોજાઈ, રમેશાઈ ગઈ;
સ્વસ્થ સઘળાં, કોઈ ઘાયલ નથી; કોઈ ન મરીઝ,
કોને કહીએ કે ગઝલ, સાવ તું નંખાઈ ગઈ!

**16.**

શમણું ભલે ને નભમાં વીહરવાનું હોય છે,
આંધી બનેલ ધુળને ઠરવાનું હોય છે;
હો પુષ્પ કે મનુષ્ય, બસ અવધીનો છે ફરક,
ખરતાં પહેલાં સ્હેજ નીખરવાનું હોય છે.

**17.**

જાણી ગયો છું આજ, કશું જાણતો નથી,
શું દર્દ? શું ઈલાજ? કશું જાણતો નથી!
આંબી વીજયની રેખ, ત્યાં છાલાં પડ્યાં પગે,
માથા ઉપરનો તાજ કશું જાણતો નથી!

**18.**

શ્રદ્ધા લઈ જાય છે, પણ એક સુધી,
આપણે પહોંચવું, દરેક સુધી;

હર કોઈ જાય છે, હરી પાસે,
ક્યાં હરી જાય છે હરેક સુધી!

**19.**

શબ્દોમાં કંઈ વીશેષ હું મુદ્રીત ન થઈ શક્યો,
એ ભાવમાં છું શેષ, જે મુખરીત ન થઈ શક્યો;
મારી ગઝલ, ને વાત હો મારી જ, એટલે,
એકેય શેર મારો સુભાષીત ન થઈ શક્યો.

**20.**

ચેતજે, જીતમાંય હાર ન હો,
સુખ એ દુઃખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.

**21.**

હયાતી આપી યુગોથી હવન ચલાવે છે,
જ્વલંત જાત દઈ એ જ્વલન ચલાવે છે;
‘રઈશ’ એ તને ક્યાંથી ઠરીને બેસવા દે?
ગ્રહો જે ઘુમતા રાખી ગગન ચલાવે છે!

**22.**

આવ્યું ન આવનાર, સમસ્યા કશી નથી,
ખુલ્લાં પડ્યાં છે દ્વાર, સમસ્યા કશી નથી;
આશા છે એકની અને આદત બીજાની છે,
હા હોય કે નકાર, સમસ્યા કશી નથી.

**23.**

વીશ્વાસ પણ ગમે છે, ધોખો મને ગમે છે,
છાતીએ ઘાવ કાયમ, તાજો મને ગમે છે;
પોતે તબીબ છું; પણ મારો ઈલાજ ક્યાંથી?
વર્ષોથી સંઘરેલા રોગો મને ગમે છે.

24.

જે મળે માન કે અપમાન સ્વીકારી લઈએ,
એ નથી આપણી પહેચાન, સ્વીકારી લઈએ;
પાઘડીઓને ઉડાવે છે પવન સદીઓથી,
ધુળ ખંખેરી બચી શાન, સ્વીકારી લઈએ.

**25.**

મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,
ભુંસાવા ક્યાં દીધો કક્કો, હજુ પાટીમાં રાખ્યો છે;
મલક કંઈ કેટલા ખુંદ્યા બધાની ધુળ ચોંટી; પણ
હજુ પણ મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે.

**26.**

વૃદ્ધી છે વસ્તુઓની હવે ઘરમાં જેટલી,
મળતી ન વૃદ્ધ માટે જગા હૈયા જેટલી.
દાદા વીચારે ઘરમાં ખુણો ક્યાં છે મારે કાજ?
હા, ભીંત પર બચી છે જગા ફોટા જેટલી!

**27.**

ઉતાવળ ...કશેક પહોંચવાની ઉતાવળ,
ન હોવાની ચીંતા, થવાની ઉતાવળ;
શીખર પર જગા અલ્પ, ને ભય પતનનો;
હતી ટોચ પર પહોંચવાની ઉતાવળ.

**28.**

પર્વતોમાંય રસ્તા પડી જાય છે,
મૃગજળોની તરી નાવડી જાય છે;
હાંફતા હાંફતા હાંફતા એક દી’,
શ્વાસ લેતા પછી આવડી જાય છે.

**29.**

યુવાની જાય છે, ક્યાં વૃદ્ધ બનતાં વાર લાગે છે!
જીવન જીવતાં રહીને બુદ્ધ બનતાં વાર લાગે છે.
કશું પાસે ન હો ઝાઝું, કશાની ખેવના ના હો,
જીવનમાં એટલા સમૃદ્ધ બનતાં વાર લાગે છે.

**30.**

કોણે કહ્યું કે રસ્તે પથ્થર બહુ નડે છે,
હો બુટની જે અંદર કંકર બહુ નડે છે;
સાથી બની બનીને જોડાય જે શરુમાં,
યાત્રામાં એ જ સઘળાં આખર બહુ નડે છે.

## ડૉ. રઈશ મનીઆર


સર્જકસમ્પર્ક:

–ડૉ. રઈશ મનીઆર,

6-B, રત્નસાગર એપાર્ટમેન્ટ, ચાંદનીચોક પાસે, પીપલોદ, સુરત-395 007
Mobile : 98251 37077
eMail : amiraeesh@yahoo.co.in


## વીશેષ નોંધ :

ફક્ત બે જ પાનાંમાં આ પુરાં ત્રીસ જેટલાં મુક્તકોને કલાત્મક રીતે સમાવતી રુપકડી; પણ અજીબોગરીબ, ઈ.બુક જોવી–માણવી હોય તો, અમને લખજો.. મોકલીશું..

–સુનીલ શાહ - sunilshah101@gmail.com –ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : તેરમું – અંક : 385 – 15 October, 2017

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ
sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?
More than 3,43,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 84,40,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 9,58,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
More than 7,26,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@